# બિસ્મીલ્લાહિ ર્રહમાનિ ર્રહીમ

## ૮ થી ૧૫ વર્ષના નાનકડા બાળકો માટેની નાનકડી પરીક્ષા

<u>સૂચના :</u>

- ✓ દરેક પ્રશ્નો ફરજિયાત છે.
- ✓ સ્વચ્છ અક્ષરે માંગ્યા પ્રમાણે જવાબો લખવા.
- ✓ કુલ ગુણ : ૩૦

---

# <u>પ્રશ્નપત્ર</u>

પ્રશ્નઃ(૧) ખાલી જગ્યા પૂરો. (૧૫)

1. જે કોઈ પોતાના ઝમાનાના ...................... ની મઅરેફત વગર આ દુનિયામાંથી ચાલ્યો જાય, તેની મૌત જાહેલિય્યતની મૌત હશે. (રાજા, ઈમામ, આલિમ, મુજતહીદ)
2. ઈમામની ઈતાઅત ...................... છે. (વાજીબ, મુસ્તહબ, મકરૂહ, મુબાહ)
3. સાચુ ઈલ્મ અને મઅરેફત મેળવવા માટે ........... નું વાંચન અને અભ્યાસ અત્યંત જરૂરી છે. (મેગેઝીન, નવલકથા, ન્યુઝપેપર, હદીસો, શાળાના પુસ્તકો)
4. એહલે ઝીક્ર એટલે ...................... (ઝીક્ર કરનાર, એહલેબૈત અ.સ., ઝીક્ર ફેલાવનાર, ઝીક્ર સાંભળનાર)
5. સાચા ઈલ્મનો મૂળ સ્ત્રોત ...................... પાસે છે. (વૈજ્ઞાનિકો, એહલેબૈત, તત્વચિંતકો)
6. ...................... પાસે માંગણી કરવી અલ્લાહને પસંદ નથી. ...................... પાસે માંગણી કરવી અલ્લાહને પસંદ છે. (અલ્લાહ, લોકો, સખીદાતાઓ, સગાવ્હાલાઓ)
7. વરઅ એટલે ................................ (ઉચ્ચ દરજ્જાનું યકીન, ઉચ્ચ દરજ્જાનો તકવા, ઉચ્ચ દરજ્જાની મઅરેફત, ઉચ્ચ દરજ્જાનું ઈમાન)
8. ઈમામે ઝમાના (અ.સ.)ની બયઅતનું વર્ણન .................. માં છે. (દોઆએ અહદ, દોઆએ કુમૈલ, દોઆએ સબાહ, દોઆએ નુદબહ)

9. ‘તવકીઅ’ એટલે .................. (ઈમામનો ખુત્બો, ઈમામનો પત્ર, ઈમામની ઈતાઅત, ઈમામનો ફત્વો)

10. તેઓ (વિરોધીઓ) ઈમામ અ.સ.ના ઝુહુરને .................. ગણે છે, જયારે અમે તેને .................. ગણીએ છીએ. (થોડું દૂર, દૂર, નજદીક, થોડું નજદીક)

11. ઝુહુરનો .................. શ્રેષ્ઠ ઈબાદત છે. (એહતેરામ, ઈન્તેઝાર, ઝીક્ર, ઈકરાર)

12. ઈમામ અ.સ.એ ફરમાવ્યું : સલમાને .................. ન કહો, સલમાને .................. કહો. (મોહમ્મદી, ફારસી, હાશમી)

13. ‘‘તમારૂં મૃત્યુ એ હાલતમાં આવે કે તમે સાચા મુસલમાન હો’’, આ આયત કુરઆનમાં સૂરે .................. માં આવેલી છે. (યુસુફ, બકરહ, હુદ, બની ઈસ્રાઈલ)

14. ‘કમાલુદદીન’ કિતાબના લેખક .................. (અલ્લામા મજલીસી અ.ર., શૈખ સદુક અ.ર., અલ્લામા હીલ્લી અ.ર., શૈખ કુલૈની અ.ર.)

15. ઈમામે ઝમાના (અ.સ.)નો એક લકબ .............. છે. (કાઝીમ, વલીએ અસ્ર, સાદીક)

પ્રશ્નઃ(૨) નીચેના વિધાનો સાચા છે કે ખોટા તે જણાવો : (૧૫)

1. ઈમામની મઅરેફત મેળવવા માટે તેમનું નામ, વંશ વિગેરે જાણી લેવું પુરતુ છે. ( )

2. કુરઆને કરીમની આયતો અને મઅસૂમીન અ.સ.ની નુરાની હદીસોનો અભ્યાસ કરવાથી ઝમાનાના ઈમામની સાચી ઓળખ મેળવી શકાય છે. ( )

3. હાલમાં આપણે ‘ગૈબતે સુગરા’ના સમયમાં જીવન પસાર કરી રહયા છીએ. ( )

4. દરેક વ્યકિતની કિંમત અને કદ્ર તેની મઅરેફતના પ્રમાણમાં હોય છે. ( )

5. ઈલાહી જ્ઞાન હંમેશા સાચું અને માર્ગદર્શક હોય છે, જયારે કે માનવીનું જ્ઞાન ખામીયુકત અને ગેરમાર્ગે દોરનારૂં હોય છે. ( )

6. જે ઈલ્મ એહલેબૈત તરફથી નથી, તે ખામીયુકત અને ગેરમાર્ગે દોરનારૂં હોય છે. ( )

7. સાચી મઅરેફત મેળવવા માટે સાચા અને શુધ્ધ ઈલ્મની જરૂરત ઉભી થાય છે અને સાચુ અને શુધ્ધ ઈલ્મ ફકત એહલેબૈત (અ.સ.)પાસેથી પ્રાપ્ત થઈ શકે છે. ( )

8. ઈમામના ઝુહુર માટે દોઆ કરવી, કરગરવું તેમજ રૂદન અને વિલાપ કરવો ઈબાદત છે, વધુમાં ઝુહુરના નિર્ણિત સમયને આગળ લાવવામાં અસરકારક છે. ( )

9. ઈમામે ઝમાના (અ.સ.)ના ઝુહુરનો સમય ચોકકસ છે, તે બદલાઈ શકતો નથી. તેમાં બદાઅ નથી. ( )

10. જો દિલ પાક નહિં હોય, તો એહલેબૈત અ.સ.ની મોહબ્બત અને વિલાયત તેમાં સ્થાન પામી શકશે નહિં અને દિલની પાકીઝગી માત્ર એહલેબૈત અ.સ.ને તસ્લીમ થવાથી જ આવશે. ( )

11. એહલેબૈત અ.સ.નો દોસ્ત અને ચાહક આપણી બાજુમાં રહેતો હોય, તો તેને તકલીફ અને ઈજા ન પહોંચે તેનું ધ્યાન રાખવું આપણી નૈતિક ફરજ છે. ( )

12. ગૈબતના ઝમાનામાં આપણી જવાબદારીઓ આયતુલ્લાહ મોહમ્મદ તકી મુસ્વી ઈસ્ફહાની (અ.ર.)એ તેમની 'કિતાબ ઉસુલે' કાફીમાં વર્ણવી છે. ( )

13. મઅસૂમીન અ.સ.ની નુરાની હદીસોમાં મઅરેફત, ઈલ્મ અને હિકમતના ખઝાના મૌજુદ છે. ( )

14. 'મુજાહેદે ફી સબીલીલ્લાહ' એટલે 'અલ્લાહની રાહમાં ખર્ચ કરનાર' ( )

15. મોઅમીનનો અમલ તેની નિય્યત કરતા વધુ સારો હોય છે. ( )